# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 14-01-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

---

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH GUJARAT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે અમદાવાદના જગન્નાથ મંદિરમાં દર્શન કરીને રાજ્ય પ્રવાસના બીજા દિવસનો પ્રારંભ કર્યો. તેમણે મંદિર પરિસરમાં ગૌપૂજન પણ કર્યું હતું. ત્યારબાદ શ્રી શાહે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ગુજરાત હાઉસિંગ બોર્ડની રિડેવલપમેન્ટ યોજના હેઠળ સૂર્યા ઍપાર્ટમેન્ટ વિભાગ-2નું ભૂમિપૂજન કર્યું હતું.

ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રીએ અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ઉત્તરાયણ નિમિત્તે પરિવાર અને કાર્યકર્તાઓ સાથે પતંગ ચગાવવાનો આનંદ માણ્યો હતો. હવે તેઓ બપોરે અખબારનગરના આસ્થા ઑપલમાં અને નવા વાડજના અભિષેક ઍપાર્ટમેન્ટમાં પતંગોત્સવની ઉજવણીમાં જોડાશે.

---

# UTTARAYAN OVERALL

રાજ્યભરમાં આજે હર્ષોલ્લાસભેર ઉત્તરાયણની ઉજવણી થઈ રહી છે. વહેલી સવારથી જ પતંગરસિકો ધાબા પર પહોંચી ગયા છે. આ સાથે જ ઉત્તરાયણ નિમિત્તે ઉંધીયું , જલેબી જેવી વાનગીની ખરીદી માટે બજારોમાં ભીડ જોવા મળી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના વિવિધ મહાનુભાવો પણ પતંગ ચગાવી ઉત્તરાયણની ઉજવણીમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ ગાંધીનગરમાં સૅન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાયેલા પતંગ મહોત્સવનો પ્રારંભ

કરવ્યા બાદ પતંગ ઉડાડી નાગરિકોને લાડુ અને ચિક્કીનું વિતરણ કર્યું. તેમજ મકરસંક્રાંતિના પાવન પર્વની શુભેચ્છાઓ પણ પાઠવી.

(BYTE: BHUPENDRA PATEL, CHIEF MINISTER)

ત્યારબાદ શ્રી પટેલે અમદાવાદમાં  દરિયાપુર વિસ્તારના વાડીગામમાં સ્થાનિકો સાથે પતંગ ચગાવી હતી.

તો,  ઊર્જા રાજ્યમંત્રી કૌશિક વેકરિયાએ      અમરેલીમાં ભાજપના કાર્યકર્તાઓ સાથે પતંગ ઉડાવી હતી.

(BYTE: KAUSHIK VEKARIYA, MINISTER OF STATE)

રાજ્યસભા સાંસદ મયંક નાયક પરિવાર સાથે મહેસાણાના ધારાસભ્ય મુકેશ પટેલના ઘરે ઉત્તરાયણ ઉજવી.

બીજી તરફ , કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પ્રશાસક દ્વારા બીચ કાઇટ ફેસ્ટિવલનો પ્રારંભ કરાયો. મોટી અને નાની દમણ બંને બીચ પર પર્યટકો અને સ્થાનિક લોકની ભીડ જોવા મળી રહી છે. આ અંગે પતંગબાજ સાવન ગૌતમે પ્રતિભાવ આપ્યો.

(BYTE: SAVAN GAUTAM)

---

# MAKAR SANKRANTI

મકરસંક્રાતિ – ઉત્તરાયણ નિમિત્તે આજે દાનનું વિશેષ મહત્વ હોય છે. આજના પાવન દિવસે રાજ્યના સુપ્રસિદ્ધ મંદિરોમાં પણ સવારથી જ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું છે.

બોટાદમાં આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરમાં હનુમાન દાદાની મૂર્તિને પતંગ અને દોરીનો શણગાર કરાયો તેમજ વિવિધ પ્રકારની ચીકી અને લાડુનો અન્નકૂટ ધરાવાયો છે.

ભરૂચના અંકલેશ્વરમાં શ્રદ્ધાળુઓએ ગાય માતાની પૂજા કરી તેમને ઘાસચારો અને ઘૂઘરી ખવડાવી હતી. આ સાથે જ ભરૂચ સહિત દક્ષિણ ગુજરાતમાં લોકોએ ઉંધીયું, જલેબી જેવી વાનગીનો આનંદ માણ્યો હતો.

બીજી તરફ , મહીસાગરમાં પૂર્વ શિક્ષણ મંત્રી ડૉક્ટર કુબેર ડિંડોરે અનોખી ઉત્તરાયણ ઉજવી. તેમણે ડાંગના સબરીધામ ખાતે આઠ કિલોમીટરની પદયાત્રા યોજી હતી. કહેવાય છે કે , ભગવાન શ્રીરામ વનવાસ દરમિયાન મકરસંક્રાંતિના દિવસે શબરીમાતાની કુટિરમાં આવી પહોંચ્યાં હતા , જ્યાં શબરી માતાએ ભગવાન શ્રીરામને મીઠા બોર ખવડાવ્યા હતા. હવે સાંજે શબરીધામમાં ભજન-કીર્તન કરાશે.

ભરુચ સહિત દક્ષિણ ગુજરાતમાં લોકોએ આજરોજ ઉત્તરાયણના પર્વની ઊંધીયુ આરોગવાની લિજ્જત સાથે મજા માણી હતી.

---

# 108 EMRI CASE TODAY

ઉત્તરાયણના દિવસે આજે 108 ઇમરજન્સીની ટુકડી વિવિધ જગ્યાએ તહેનાત કરવામાં આવી છે. બપોરે 12 વાગ્યા સુધીમાં 108ની ટુકડીને એક હજાર 725 જેટલા કટોકટીના કેસ મળ્યા હતા. ગયા વર્ષની સરખામણીએ આ વખતે 269 જેટલા કેસ વધુ નોંધાયા છે. અમદાવાદમાં પણ 34 વર્ષીય એક યુવક પતંગની દોરીથી ગંભીર રીતે ઇજાગ્રસ્ત થતાં તેમને સિવિલ હૉસ્પિટલ ખસેડાયા છે.

ઉલ્લેખનીય છે કે , ઉત્તરાયણ પર્વને ધ્યાને રાખી રાજ્યભરમાં આગામી 20 જાન્યુઆરી સુધી કરૂણા અભિયાન ચાલી રહ્યું છે. જિલ્લા અને શહેર સ્તરે પક્ષીઓના બચાવ અને સારવાર માટેના આ અભિયાનમાં રાજ્યભરમાંથી 41 જેટલી સામાજિક સંસ્થા – NGO જોડાઈ છે.

---

# CRICKET ODI

ભારત અને ન્યૂઝિલેન્ડની ટીમ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય શ્રેણીની બીજી મેચ હાલ રાજકોટમાં રમાઈ રહી છે. ન્યૂઝિલેન્ડે ટૉસ જીતીને પહેલા બોલિંગ પસંદ કરતાં ભારતીય ટીમે અત્યાર સુધીમાં 14 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 83 રન કર્યા છે.

અગાઉ રવિવારે ભારતીય ટીમે વડોદરામાં પહેલી મેચ ચાર વિકેટથી જીતીને આ શ્રેણીમાં એક-શૂન્યની સરસાઈ મેળવી છે. બંને ટીમ વચ્ચેની ત્રીજી અને છેલ્લી મેચ આ રવિવાર ઇન્દોરમાં રમાશે.

-----------------------------------------------------------------------------------------------------------